# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-09-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Wenesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VIDHANSABHA RAGHAVJI

કૃષિ યાંત્રિકીકરણ યોજનાના લાભાર્થીને નવા જીએસટી દરનો લાભ આપવા ટ્રેક્ટર સહિતના ખેત સાધનોની ખરીદી માટેની સમયમર્યાદા લંબાવાઈ છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આજે વિધાનસભામાં જણાવ્યુ કે ખરીદીની સમયમર્યાદા નવા દરના અમલથી આગામી ૩૦ દિવસ સુધી રહેશે. આ નિર્ણયથી રાજ્યના અંદાજે એક લાખ ખેડૂતોને મહત્તમ 35 થી 45 હજાર રૂપિયાનો લાભ થશે. તેમણે ઉમેર્યું કે કૃષિ યાંત્રિકીકરણ સાધનો તેમજ સૂક્ષ્મ પિયત પદ્ધતિના સાધનો પરના 12 ટકા જીએસટીને ઘટાડીને 5 ટકા કરાયો છે. જેના કારણે કૃષિ ઓજારો અને સિંચાઈના સાધનોના ભાવોમાં ઘટાડો થશે.

. . . . . .

# VIDHANSABHA TODAY

ચોમાસુ સત્રના છેલ્લા દિવસે આજે ગૃહમાં ત્રણ ખરડા રજૂ કરાશે. તેમજ આજે કેગનો રિપોર્ટ પણ ગૃહમાં રજૂ કરાશે. ગુજરાત કારખાના સુધારા ખરડો 2025. ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનો સુધારા ખરડો 2025 , અને ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ નોંધણી અને નિયમન બીજો સુધારા ખરડો 2025 રજૂ કરાશે. આ ઉપરાંત વિવિધ વિભાગના વાર્ષિક અહેવાલો પણ ગૃહમાં મુકાશે.

. . . . . . . . . .

# LION DEATH

છેલ્લા 2 વર્ષમાં રાજ્યમાં 307 સિંહોના મૃત્યુ થયા છે, જેમાં 268 સિંહ કુદરતી રીતે અને 39 સિંહોના અકસ્માતે મોત થયા હોવાનું રાજ્ય સરકારે આજે વિધાનસભામાં જણાવ્યુ.

ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાના પ્રશ્ન પર સરકારે જવાબ રજૂ કર્યો. જેમાં જણાવાયું કે અમરેલી જિલ્લામાં છેલ્લા છ માસમાં 31 સિંહના મૃત્યુ છે , જેમાં 14 સિંહ બાળ તથા 17 સિંહોના મૃત્યુ થયા, જેમાં 27 સિંહો અને સિંહ બાળોના મલ્ટીપલ ઓર્ગન ફેલ્યોર , ન્યુમોનિયા સહિત બિમારીના કારણ મૃત્યુ થયા હોવાનું રાજ્ય સરકારે જણાવ્યુ.

. . . . . .

# VAGHANI NEPAL

નેપાળમાં ફસાયેલા રાજ્યના લોકોને સુરક્ષિત રીતે પરત લાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ધારાસભ્ય જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું કે નેપાળમાં ભાવનગર અને શિહોરના લોકો હાલ સલામત છે. કેન્દ્ર સરકાર નેપાળની સેના સાથે સંપર્કમાં હોવાનું પણ શ્રી વાઘાણીએ જણાવ્યુ.

(બાઇટ : જીતુ વાઘાણી - ધારાસભ્ય)

. . .

# BHAVNAGAR NEPAL

નેપાળમાં વિરોધ પ્રદર્શન વચ્ચે ભાવનગરમાં 43 જેટલા પ્રવાસી ત્યાં ફસાયા છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે , નેપાળમાં દર્શનાર્થે ગયેલા આ તમામ પ્રવાસીઓ હાલ પોખરા અતિથિગૃહમાં સલામત છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર પણ આ પ્રવાસીઓના સતત સંપર્કમાં છે. તેમજ આજે સૂચના મળ્યા બાદ તેઓ નેપાળથી ભારત આવવા રવાના થશે. ભાવનગરના ધારાસભ્ય જીતુ વાઘાણીએ નેપાળ અતિથિગૃહમાં રહેલા ભાવનગરના પ્રવાસીઓ સાથે વાતચીત કરી હતી

. . . . . . . . . . . . .

# HARSH SANGHAVI GNR

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસની જીવન આસ્થા હેલ્પલાઈનની 10 વર્ષની સફળતાને બિરદાવી છે. ગાંધીનગરમાં નગરગૃહ ખાતે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં આજે શ્રી સંઘવીએ કહ્યું, આ સ્પર્ધાત્મક યુગમાં લાખો નિરાશાઓની વચ્ચે 'જીવન આસ્થા' રાજ્યના લાખો લોકોના હૃદયમાં આશાનું કિરણ જગાવવાનું પવિત્ર કાર્ય કરી રહી છે.

શ્રી સંઘવીએ કહ્યું, હેલ્પલાઈન 'જીવન આસ્થા'ના 1800 233 3330 નંબરને પણ ઇમરજન્સી નંબર-112 સાથે જોડવાની દિશામાં વિચારણા હોવાનું પણ શ્રી સંઘવીએ ઉમેર્યું.

. . . . . . . . . . . . .

# BAHUCHRAJI NAVRATRI

મહેસાણાના સુપ્રસિદ્ધ બહુચરધામમાં આગામી 22 સપ્ટેમ્બરથી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થશે. આ પહેલા 21-મીએ પ્રક્ષાલન વિધિ , 22મીએ ઘટસ્થાપન, 28મીએ શતચંડી યજ્ઞ અને બીજી ઑક્ટોબરે પાલખીયાત્રા યોજાશે. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ચાચર ચોકમાં ભક્તો માટે ગરબાનું આયોજન કરાતું હોય છે , પરંતુ આ વખતે મંદિરના પુનઃનિર્માણની કામગીરીને લઈ આ વખતના ગરબા S.T. બસ મથકના બાજુના મેદાનમાં યોજાશે.

. . . . . . . .

# CHOTILA COMPANY SEAL

સુરેન્દ્રનગરની રસાયણ કંપનીને તાળા મારવા ચોટીલાના નાયબ કલેક્ટરે આદેશ આપ્યો છે. ખાનગી કંપની દ્વારા એક ભાગ બનાવી ત્યાં અમદાવાદ , કચ્છ અને વડોદરાથી દુર્ગંધવાળું હાનિકારક રસાયણને ભૂગર્ભમાં ફેંકી દેવાતું હતું. તેના કારણે પાણી પ્રદૂષિત થઈ રહ્યું હોવાનું ફરિયાદ ઉઠી હતી.

ઉપરાંત પર્યાવરણ, પાક અને લોકોના આરોગ્યને નુકસાન થવા જેવી બાબતો સામે આવતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડના અહેવાલને આધારે નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણાએ કંપનીને તાળા લગાવવા આદેશ આપ્યો છે.

. . . . .